Extra No. 4
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] THURSDAY, JANUARY 1, 2026 / PAUSA 11, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું :**

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં: LIB/જાહેરનામું/૧૩૪૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

જાહેરનામા ક્રમાંકઃ એમએજી(૧)/વશી/૧૬૫૫૨ થી ૧૬૬૧૫/૨૦૨૫–વંચાણે લીધેલ પત્રની વિગતોએ રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલકતોને નુકસાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જૂની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જૂના વાહનો તથા તેના સ્પેર પાર્ટસનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પર પ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઇ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારુ ભંગારનો સામાન વેચવા અંગે જો જાહેરનામું જાહેર જનતાના હિત માટે બહાર-પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઇ શકાય.

ઉપરોક્ત વિગતે જાહેરહિત અને રાજ્યની સુરક્ષા શાંતિને ધ્યાને લઇ જાહેરનામું બહાર પાડવા સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ, (G.A.S ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોઇપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઇઝની માહીતી અંગેનું રજિસ્ટર નિભાવવા તથા ખરીદ/વેચાણ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાવું છું.

| ક્રમ | ભંગાર લાવનારનું આઇ. ડી. પ્રુફની વિગત | ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું, મોબાઇલ નં. | ભંગાર કંઇ તારીખે લાવ્યા. | કેવા કેવા પ્રકારનું ભંગાર લાવવામાં આવેલ તેની વિગત | ભંગાર કોને વેચવામાં આવ્યું તેનું નામ, સરનામું, મોબાઇલ નંબર | ભંગાર કંઇ તારીખે વેચવામાં આવ્યો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

આ હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :**

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નંઃ LIB/જાહેરનામું/૧૩૩૮/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ**

જાહેરનામા ક્રમાંકઃ એમએજી(૧)/વશી/૧૬૭૮૦ થી ૧૬૭૪૩/૨૦૨૫ વંચાણે લીધેલ પત્રની વિગતોએ ગુપ્તચર અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી અસામાજિક તત્ત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર શાંતિ અને સલામતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિ કરે છે જેથી માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડે છે.

બહારના રાજ્યોમાં અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો કોઈના ભાડે મકાન રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વિગેરેનું સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતાં હોય છે જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું રાજ્ય અને દેશની સુરક્ષાના પરિપેક્ષ્યમાં જરૂરી જણાય છે જેથી પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના કોઇ પણ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે ભાડે આપે ત્યારે તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો ભાડે આપતા પહેલા ફોટોગ્રાફ સાથેની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારુ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું, હિરેન ચૌહાણ, (G.A.S) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના કોઈ પણ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો ભાડે આપતાં પહેલાં તે અંગેની જાણ નીચેના કોલમ મુજબની માહિતી ફોટોગ્રાફ સાથેની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| ક્રમ | મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં છે વિગેરે | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યક્તિનું નામ | મકાન કયારે ભાડે આપેલ છે ? | કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે ? તેમના પાકા નામ, સરનામા તથા ફોટા સાથે. | મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામું તથા કોન્ટેકટ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આ હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :**

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં LIB/ જાહેરનામું/૧૩૩૯/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના મુજબનું**

જાહેરનામા ક્રમાંકઃ એમએજી/(૧)વશી/૧૬૭૪૪ થી ૧૬૮૦૪/૨૦૨૫ વંચાણે લીધેલ પત્રની વિગતે હાલની પ્રવર્તમાન આતંકવાદના સંજોગો અને ભૂતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત તથા મોડાસા વગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ જેવા આંતકવાદી કૃત્યોને અટકાવવા માટે તેમજ ગુપ્તચર સંસ્થાઓએ વાઈટલ ઈન્સ્ટોલેશન અને અગત્યના ધાર્મિક સ્થળો, મંદિરો પરના હુમલાના ભયની શક્યતા દર્શાવેલ છે. પાટણ જીલ્લામાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન (આઈ.ઓ.સી.) સિદ્ધપુર તેમજ શંખેશ્વર જૈન દેરાસર, વરાણા ખોડીયાર માતાજીનું મંદિર તથા પાટણ ખાતે રાણીની વાવ, સિદ્ધપુર ખાતે રૂદ્રમહાલય જેવા પ્રસિદ્ધ સ્થળો તથા વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળો આવેલ છે. આવા સંજોગોમાં પાટણ જિલ્લામાં કોઈ આંતકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્યો કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ જાહેર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી ગુનાહીત પ્રવૃત્તિ અટકાવવી આવશ્યક છે. આવા બનાવોની તપાસ દરમ્યાન એવું ફલીત થાય છે કે, આવા આંતકવાદી પ્રવૃત્તિ આચરતા ઈસમો આવા ગુના આચરવા માટે જુના મોબાઈલની ખરીદી કરતા હોવાનું અને આવા કૃત્યોને અંજામ આપી આવા મોબાઈલ ફોન બંધ કરી દે અથવા તો વેચી દેતા હોય છે, તેમજ હાલનો યુવા વર્ગ જુના મોબાઈલ લે-વેચના ધંધામાં રચ્યા પચ્યા રહેતા હોઈ આવી ગુનાહીત પ્રવૃત્તિમાં અજાણપણે સંડોવાઈ જતા હોય છે. ગુનેગાર ઈસમો ઘરફોડ ચોરીઓ, લૂંટ, ધાડ, ચીલ ઝડપ વગેરે જેવા ગુનાઓમાં પણ મોબાઈલ ફોન ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચીદેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે તે માટે જુના મોબાઈલ ફોનની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે જે મોબાઈલ ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાનું માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી ગુનાના મુળ સુધી પહોચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ તેમને આપેલ છે અને પોતે તેઓને ઓળખતા નહીં હોવાનું જાણવા મળે છે જેથી તપાસમાં કોઈ ફળદાયી હકીકત મળતી નથી. આવી તમામ પરિસ્થિતીને અનુલક્ષીને આવા ઈસમો તેમના મનસુબામાં કામીયાબ ન બને તેમજ કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખકાર્ડ વગર લેનાર-વેચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુનાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીઓને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ છે અથવા તો જુનો મોબાઈલ કોને વેચેલ છે તે જાણવું જરૂરી જણાય છે. તે માટે પણ જુના મોબાઈલ ફોનથી લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

સબબ, ઉપરોકત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તરફથી રજૂ થયેલ અહેવાલની વિગતે ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અને ગુપ્તચર સંસ્થાઓ તરફથી અવારનવાર માહિતી અનુસંધાને તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર પાટણ જિલ્લામાં આંતકવાદી બનાવો અટકાવવા જાહેર સલામતી તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી બનતી ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવી અતિ આવશ્યક હોઇ તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવો અમોને ઈષ્ટ જણાય છે.

વાસ્તે, હું, હિરેન ચૌહાણ (G.A.S) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) પાટણ જીલ્લામાં કોઈ પણ દુકાનદાર ઈસમ જુના / નવા મોબાઈલ ફોન ગ્રાહક પાસેથી ખરીદ / વેચાણ કરે તો જે તે ગ્રાહકનું પુરેપુરૂ નામ સરનામું તથા આઈડીપ્રુફ ફરજીયાત મેળવવાનું રહેશે.

(૨) પાટણ જિલ્લામાં જુના મોબાઈલ ફોનની ખરીદ-વેચાણ કરતા દુકાનદારે આ અંગે જરૂરી માહિતી નીચે મુજબના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે.

(૩) પાટણ જીલ્લામાં નવા સિમકાર્ડનું વેચાણ કરતી વખતે નીચે મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સીમકાર્ડ ખરીદનારના આઈડીપ્રુફની નકલ મેળવવાની રહેશે.

આ ઉપરાંત, જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીઓએ જુના મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું નામ, સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| ક્રમ | મોબાઈલની વિગત/ કંપની | આઈએમઆઈ નંબર | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામું | આઈ.ડી.પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| ક્રમ | મોબાઈલની વિગત/ કંપની | આઈએમઆઈ નંબર | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ સરનામું | આઈ.ડી.પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

**નવું સિમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| ક્રમ | સિમકાર્ડની વિગત કંપનીનું નામ | સિમકાર્ડ નંબર | સિમકાર્ડ ખરીદનારનું નામ સરનામું | સિમકાર્ડ ખરીદનારના આઈડીપ્રુફની વિગત | સિમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

ઉપરોક્ત કોલમવાર રજિસ્ટરો દુકાનદારે પાંચ વર્ષ સુધી જાળવવાના રહેશે.

વધુમાં, આદેશ કરવામાં આવે છે કે, કોઈપણ વ્યક્તિએ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લે-વેચ કરવામાં આવશે તો તે માટે આવા લેનાર/વેચનારની પણ અંગત જવાબદારી નક્કી કરવામાં આવશે.

આ હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ** G.A.S
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :-** પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું /૧૩૪૨/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ**

જાહેરનામા ક્રમાંક. એમએજી(૧)/વશી/૧૬૮૦૫ થી ૧૬૮૬૮/૨૦૨૫.- પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઇન્ટેલીજન્સ), સ્ટેટ ઇન્ટેલીજન્સ બ્યુરો,ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા.૦૧/૦૧/૨૦૨૧ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી ગૃહ વિભાગની અધ્યક્ષતામાં રચાયેલ કમિટી દ્વારા અત્રેના શહેર / જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ / સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશન્સને રેડ ઝોન,યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ છે.

પાટણ જિલ્લાના કુલઃ ૭૯ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ માહિતી અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવાના કામે પોલીસ અધિક્ષકશ્રી પાટણના પત્ર નં. LIB/જાહેરનામું/૧૫૪૯/૨૦૨૫ તા.૨૪/૧૦/૨૦૨૫ થી દરખાસ્ત મોકલી આપેલ છે

વાસ્તે, હું હિરેન ચૌહાણ, (GAS) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લામાં સામેલ પરિશિષ્ટ - ૧ મુજબના વિસ્તારોને રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવા ફરમાવવું છું.

આ જાહેરનામું/હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ** G.A.S
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

અત્રેના જાહેરનામાં ક્રમાંક : એમએજી(૧)/વશી/૧૬૮૦૫ થી ૧૬૮૬૮/૨૦૨૫ લગતનુ પરિશિષ્ટ-૧

## List of Likely Targets of Sub Conventional Aerial Threats

| Sr. No. | District | | Name of Place | Full Postal Address | Remmendation as per point no 4 of SOP of MHA dated 16/12/2016 | Recommended Zone (Red/Yellow) | Latitude | Longitude | Extended limits of Buffer zone where Drones will be restricted as per MHA circular dated $8^{th}$ Nov, 2018 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 1 | Patan | 2483 | District Court Patan | At post-Patan Near Navjivan Circule Dist-Patan Pin-384265 | "C" | Yellow Zone | 23.85132 | 72.13484 | 100 mtr distance from perimeter |
| 2 | Patan | 2484 | Addi. District Court Radhanpur | At post-Radhanpur Near Narmada Colony Dist-Patan Pin-384240 | "C" | Yellow Zone | 23.81898 | 71.6159 | 100 mtr distance from perimeter |
| 3 | Patan | 2485 | Collector Office Patan | At post-Patan Near HNGU Dist-Patan Pin-384265 | "M" | Yellow Zone | 23.85715 | 72.13357 | 100 mtr distance from perimeter |
| 4 | Patan | 2486 | SP Office Patan | At post-Patan Near Navjivan Circule Dist-Patan Pin-384265 | "M" | Yellow Zone | 23.85168 | 72.13552 | 100 mtr distance from perimeter |
| 5 | Patan | 2487 | Sub Jail Patan Sujanipur | Near Sujanipur Village Ta & Dist Patan Pin-384263 | "M" | Red Zone | 23.87905 | 72.11446 | 250 mtr distance from perimeter |
| 6 | Patan | 2488 | BSNL Telephone Exchange | At Po-Patan. Near Jalaram Mandir road Ta&Dist Patan Pincode-384265 | "M" | Yellow Zone | 23.84621 | 72.12582 | 100 mtr distance from perimeter |
| 7 | Patan | 2489 | Patan Bus Station | At Po-Patan. Near Bagavada Daravja Ta&Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.85302 | 72.12454 | 100 mtr distance from perimeter |
| 8 | Patan | 2490 | Sidhpur Bus Station | At Po-Sidhpur. Near Railway Garnala Ta Sidhpur Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.92226 | 72.36656 | 100 mtr distance from perimeter |
| 9 | Patan | 2491 | Radhanpur Bus Station | At Po-Radhanpur. Near Police Station Ta-Radhanpur Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.82994 | 71.61509 | 100 mtr distance from perimeter |
| 10 | Patan | 2492 | Patan Railway Station | At Po-Patan. Near Rajmahel Road Ta&Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.8532 | 72.13125 | 50 mtr distance from perimeter |
| 11 | Patan | 2493 | Sidhpur Railway Station | At Po-Sidhpur. Near Main Bajar, Ta-Sidhpur Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.9183 | 72.36821 | 50 mtr distance from perimeter |
| 12 | Patan | 2494 | Radhanpur Railway Station | At Po-Radhanpur. Mahemdavad Road Ta-Radhanpur Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.84691 | 71.58584 | 50 mtr distance from perimeter |
| 13 | Patan | 2495 | Shankheswar 108 Jain Tample | At Po-Shankheswar , Ta-Shankheswar, Dist Patan Pincode-384265 | "G" | Yellow Zone | 23.50882 | 71.78772 | 100 mtr distance from perimeter |
| 14 | Patan | 2496 | Varana Khodiyar Tample | At Po-Varana, Ta-Sami, Dist Patan Pincode-384265 | "G" | Yellow Zone | 23.72635 | 71.72404 | 100 mtr distance from perimeter |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | Patan | 2497 | GMERS (Gujrat Medical Education & Research Society) Medical Hospital, Dharpur | At Po-Dharpur, Ta-Patan, Dist Patan Pincode-384265 | "I" | Yellow Zone | 23.84761 | 72.19212 | 100 mtr distance from perimeter |
| 16 | Patan | 2498 | 66 KV Sub Station Dhinoj | At Po-Dhinoj,Ta.Chanasma, Dist Patan Pincode-384225 | "J" | Red Zone | 23.662424 | 72.282557 | 100 mtr distance from perimeter |
| 17 | Patan | 2499 | 66 KV Sub Station Chanasma | At Po-Chanasma, Ta.Chanasma, Dist Patan Pincode-384225 | "J" | Red Zone | 23.72187, | 72.10663 | 100 mtr distance from perimeter |
| 18 | Patan | 2500 | 220 KV Sub Station Shankhari | At Po-Shankhari, Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.78556 | 72.15687 | 100 mtr distance from perimeter |
| 19 | Patan | 2501 | 66 KV Sub Station - Anawada | At Po-Anawada,Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.86425 | 72.02597 | 100 mtr distance from perimeter |
| 20 | Patan | 2502 | 66 KV Sub Station - Kimbuva | At Po-Kimbuva,Ta.Saraswati Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.9328 | 72.17128 | 100 mtr distance from perimeter |
| 21 | Patan | 2503 | 66 KV Sub Station - Rajpur | At Po-Rajpur, Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 24.25222 | 72.40638 | 100 mtr distance from perimeter |
| 22 | Patan | 2504 | 66 KV Sub Station -Harij, | At Po-Harij, Ta.Harij Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.6967 | 71.89916 | 100 mtr distance from perimeter |
| 23 | Patan | 2505 | 66 KV Sub Station - Adiya, | At Po-Adia,Ta.Harij Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.7789 | 72.01985 | 100 mtr distance from perimeter |
| 24 | Patan | 2506 | 66 KV Sub Station - Katra, | At Po-Katra,Ta.Harij Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.807895 | 71.873841 | 100 mtr distance from perimeter |
| 25 | Patan | 2507 | 66 KV Sub Station - Dunawada, | At Po-Dunawada, Ta.Harij Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.868029 | 71.957262 | 100 mtr distance from perimeter |
| 26 | Patan | 2508 | 66 KV Sub Station - Varahi, | At Po-Varahi,Ta.Santalpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.78924 | 71.45568 | 100 mtr distance from perimeter |
| 27 | Patan | 2509 | 66 KV Sub Station - Bamroli, | At Po-Bamroli, Ta.Santalpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.806143 | 71.346625 | 100 mtr distance from perimeter |
| 28 | Patan | 2510 | 66 KV Sub Station - Dahisar, | At Po-Dahisar,Ta.Santalpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.095063 | 69.521532 | 100 mtr distance from perimeter |
| 29 | Patan | 2511 | 66 KV Sub Station - Shankheswar, | At Po-Shankheswar,Ta.Shankheswar Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.50084 | 71.7834 | 100 mtr distance from perimeter |
| 30 | Patan | 2512 | 66 KV Sub Station - Mujpur, | At Po-Mujapur, Ta.Shankheswar Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.59199 | 71.85097 | 100 mtr distance from perimeter |
| 31 | Patan | 2513 | 66 KV Sub Station -Khali, | At Po-Khali, Ta.Sidhpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.893821 | 72.360528 | 100 mtr distance from perimeter |
| 32 | Patan | 2514 | 132 KV Sub Station - Sidhpur, | At Po-SidhpurTa.Sidhpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.91243 | 72.35929 | 100 mtr distance from perimeter |
| 33 | Patan | 2515 | 66 KV Sub Station - Mudana, | At Po-Metrana Ta.Sidhpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.94268 | 72.410594 | 100 mtr distance from perimeter |
| 34 | Patan | 2516 | 66 KV Sub Station - Charanka, | At Po-Charanka, Ta.Santalpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.89567 | 71.21276 | 100 mtr distance from perimeter |
| 35 | Patan | 2517 | 66 KV Sub Station - Santalpur, | At Po-Santalpur, Ta.Santalpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.764633 | 71.182968 | 100 mtr distance from perimeter |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 36 | Patan | 2518 | 66 KV Sub Station - Kakoshi, | At Po-Kakoshi Ta.Sidhpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.99317 | 72.31238 | 100 mtr distance from perimeter |
| 37 | Patan | 2519 | 66 KV Sub Station - Kalana, | At Po-Kalana Ta.Sidhpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.96546 | 72.23962 | 100 mtr distance from perimeter |
| 38 | Patan | 2520 | 220 KV Sub Station - Sinad, | At Po-Sinad Ta.Radhanpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.83705 | 71.65556 | 100 mtr distance from perimeter |
| 39 | Patan | 2521 | 66 KV Sub Station - Radhanpur, | At Po-Radhanpur Ta.Radhanpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.82411 | 71.59516 | 100 mtr distance from perimeter |
| 40 | Patan | 2522 | 66 KV Sub Station - Bandhwad, | At Po-Bandhvad Ta.Radhanpur Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.922693 | 71.641689 | 100 mtr distance from perimeter |
| 41 | Patan | 2523 | 66 KV Sub Station - Balisana, | At Po-Balisana Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.82287 | 72.26217 | 100 mtr distance from perimeter |
| 42 | Patan | 2524 | 66 KV Sub Station - Manund, | At Po-Manund Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.725073 | 72.260066 | 100 mtr distance from perimeter |
| 43 | Patan | 2525 | 66 KV Sub Station - Norta, | At Po-Norta Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.806059 | 72.193699 | 100 mtr distance from perimeter |
| 44 | Patan | 2526 | 66 KV Sub Station - Kamliwada, | At Po-Kamaliwada Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.864775 | 72.230159 | 100 mtr distance from perimeter |
| 45 | Patan | 2527 | 66 KV Sub Station - Bhadrada, | At Po-Bhadrada Ta.Sami Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.66576 | 71.58017 | 100 mtr distance from perimeter |
| 46 | Patan | 2528 | 66 KV Sub Station -Sami, | At Po-Sami Ta.Sami Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.67401 | 71.76156 | 100 mtr distance from perimeter |
| 47 | Patan | 2529 | 66 KV Sub Station -Nani Chandur, | At Po-Nani Chandur Ta.Sami Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.59081 | 71.62502 | 100 mtr distance from perimeter |
| 48 | Patan | 2530 | 66 KV Sub Station - Kansa, | At Po-Kansa Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.92648 | 72.07199 | 100 mtr distance from perimeter |
| 49 | Patan | 2531 | 132 KV Sub Station- Patan | At Po-Patan Ta.& Dist Patan Pincode-384265 | "J" | Red Zone | 23.842434 | 72.132042 | 100 mtr distance from perimeter |
| 50 | Patan | 2532 | Solar Park Charanka | At.Charanka Ta.Santalpur Pin-385360 | "J" | Red Zone | 23.90224 | 71.19481 | 500 mtr distance from perimeter |
| 51 | Patan | 2533 | Group Gathering Station | Lanava At-Lanava, Tal-Chansma, Dist-Patan Pin-384225 | '"J" | Red Zone | 23.66885 | 72.24555 | 500 mtr distance from perimeter |
| 52 | Patan | 2534 | Group Gathering Station Lanava | At-Danodarada, Tal-Chansma, Dist-Patan Pin-384225 | '"J" | Red Zone | 23.66324 | 72.25168 | 500 mtr distance from perimeter |
| 53 | Patan | 2535 | Indian Oil Corporatin Radhanpur (Inter Mediate Pumping Station) | Mahesana-Radhanpur Highway road Pin-385340 (MMPL:Mundara- Panipat Pipeline) | '"J" | Red Zone | 23.80996 | 71.61588 | 500 mtr distance from perimeter |
| 54 | Patan | 2536 | Cairn Energy India Pvt. Ltd. Radhanpur | Mahesana-Radhanpur Highway road At-Radhanpur, Dist-Patan Pin-385340 | '"J" | Red Zone | 23.81214 | 71.61766 | 100 mtr distance from perimeter |
| 55 | Patan | 2537 | Hindustan Petro Corporatin Limited PCL Santalpur (Inter Mediate Pumping Station) | At-Santalpur Dist-Patan Pin-385360 | '"J" | Red Zone | 23.76422 | 71.18328 | 500 mtr distance from perimeter |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 56 | Patan | 2538 | Indian Oil Corporatin Pipeline Division Western Region Division Tavadiya | At-Tavadiya, Tal-Sidhhpur Dist-Patan Pin-384151 (SMPL: Salaya- Mathura Pipeline) | '"J" | Red Zone | 23.92433 | 72.36022 | 100 mtr area from bothsiede along the lenght and ends. |
| 57 | Patan | 2539 | Indian Oil Corporatin Pipeline Division Western Region Division Sujanpur | At-Sujanpur Tal-Sidhhpur Dist-Patan Pin-384151 (MMPL:Mundara- Panipat Pipeline) (SMPL: Salaya-Mathura Pipeline) | '"J" | Red Zone | 23.95117 | 72.36487 | 100 mtr area from bothsiede along the lenght and ends. |
| 58 | Patan | 2540 | Indian Oil Corporation Limited. (Marketing Division) Siddhpur Terminal | At-Siddhpur State Highway, Sidhpur, Dist-Patan Pin-384151 | '"J" | Red Zone | 23.950473 | 72.36722 | 100 mtr distance from perimeter |
| 59 | Patan | 2541 | Bharat Petrolium Oil Depots Siddhpur | Siddhpur State Highway-Siddhpur, Dist-Patan Pin-384151 | '"J" | Red Zone | 23.9552 | 72.36857 | 2 Km distance from perimeter |
| 60 | Patan | 2542 | Water Treatment plant | At-Patan Khansarovar Near New Cictuit House Patan Pin-384265 | "M" | Yellow Zone | 23.84771 | 72.12725 | 100 mtr distance from perimeter |
| 61 | Patan | 2543 | FCI (Food Corporation Of India) Godown Patan | Near Collage Road, Patan Pin-384265 | "M" | Yellow Zone | 23.86001 | 72.12843 | 100 mtr distance from perimeter |
| 62 | Patan | 2544 | Rani Ki Vav | At-Patan Near Kalika Temple Pin-384265 | "H" | Yellow Zone | 23.85907 | 72.10191 | 100 mtr distance from perimeter |
| 63 | Patan | 2545 | Jagannath Rathyatra | At-Patan Pin-384265 | "L" | Yellow Zone | 23.853003 | 72.120352 | 100 mtr distance from perimeter |
| 64 | Patan | 2546 | Ramnavami Rathyatra | At-Patan Pin-384265 | "L" | Yellow Zone | 23.854536 | 72.121214 | 100 mtr distance from perimeter |
| 65 | Patan | 2547 | Mahoram Tajiya | At-Patan Pin-384265 | "L" | Yellow Zone | 23.846088 | 72.119322 | 100 mtr distance from perimeter |
| 66 | Patan | 2548 | Kartaki Punam Mela | Bank of Sharswati rever, Sidhdhpur, Tal-Sidhhpur, Dist-Patan | "L" | Yellow Zone | 23.914819 | 72.382356 | 100 mtr distance from perimeter |
| 67 | Patan | 2549 | Padmnabh Bhagwan Mela | Padmnabh Bhagwan Temple, Near Ramnagar, Patan, Pin-384265 | "L" | Yellow Zone | 23.834967 | 72.132075 | 100 mtr distance from perimeter |
| 68 | Patan | 2672 | Water Tank Patan | Patan Railway colony south side RCC Water Tank Pin code no.384265 Patan | "J" | Yellow Zone | 23.85217 | 72.13188 | 100 mtr distance from perimeter |
| 69 | Patan | 2688 | Railway Bridge No.116 Beetween Chanasara & Santalpur | Near Santalpur Railway Station Ta-Santalpur, Dist-Patan,Pin-385360 | "M" | Yellow Zone | 23.76609 | 71.25807 | 50 mtr distance from both the sides and ends |
| 70 | Patan | 2689 | Railway Bridge No.122B Beetween Santalpur & Piprala | Near Santalpur Railway Station Ta-Santalpur, Dist-Patan, Pin-385360 | "M" | Yellow Zone | 23.75696 | 71.16666 | 50 mtr distance from both the sides and ends |
| 71 | Patan | 2691 | Water Tank Radhanpur | Radhanpur Railway Colony, Tal-Radhanpur, Dist-Patan Pin-385340 | "J" | Yellow Zone | 23.84843 | 71.58434 | 100 mtr distance from perimeter |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 72 | Patan | 2693 | Railway Hospital Radhanpur | Radhanpur Railway Colony, Tal-Radhanpur, Dist-Patan Pin-385340 | "M" | Yellow Zone | 23.85038 | 71.58508 | 100 mtr distance from perimeter |
| 73 | Patan | | Hand Operated Valve -01 | Multhaniya, Ta-Sidhhpur, Dist-Patan | | Yellow Zone | 23.678049 | 72.258428 | 100 mtr distance from perimeter |
| 74 | Patan | | Moter Operated Valve-01 | Dabhadi, Dist-Patan | | Yellow Zone | 23.757955 | 72.289739 | 100 mtr distance from perimeter |
| 75 | Patan | | Hand Operated Valve -02 | Khali, Ta-Sidhhpur, Dist-Patan | | Yellow Zone | 23.891513 | 72.352013 | 100 mtr distance from perimeter |
| 76 | Patan | | Moter Operated Valve-01 | Sidhhpur, Ta-Sidhhpur, Dist-Patan | | Yellow Zone | 23.923053 | 72.35446 | 100 mtr distance from perimeter |
| 77 | Patan | | GAIL (INDIA) Ltd, (SV-19A) | Rakhav,Dist-Patan | | Red Zone | 23.98222 | 72.07174 | 100 mtr distance from perimeter |
| 78 | Patan | | HPCL SV Station-09 | Varahi, Ta-Santalpur, Dist-Patan | | Yellow Zone | 23.8671 | 71.72827 | 100 mtr distance from perimeter |
| 79 | Patan | | Vedanta Limited AGI-15 | Ravad, Dist- Patan | | Yellow Zone | 23.645465 | 71.868025 | 100 mtr area from bothsiede along the lenght and ends. |

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

**હિરેન ચૌહાણ** G.A.S
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :-**

પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૧૩૪૧/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-**

ક્રમાંક:એમએજી (૧)/વશી/૧૬૮૬૯ થી ૧૬૯૩૨/૨૦૨૫.-વંચાણમાં લીધેલ પત્રની વિગતે પાટણ જિલ્લામાં મોટા-મોટા સોલાર પાવર પ્રોજેકટો, જીનીંગ મિલો, ફેકટરીઓ, ઈંટોના ભઠ્ઠાઓ વિગેરે જેવા મોટા ઔધોગિક એકમોનું કામ કાજ ચાલુમાં હોઈ તેમજ ચાણસ્મા-મહેસાણા હાઈવેનું તથા મોટા-મોટા મંદિરો તથા જીનાલયોના તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ-રસ્તાના મરામત અને નવિન કામો ચાલુ હોય તથા અન્ય બાંધકામના કામોમાં અને ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી તેમનો મજુરી કામમાં મોટા પાયે ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરોને મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. અને પાટણ જિલ્લાના રહેણાંક વિસ્તારમાં અને ઔધોગિક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર, અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય આવેલ છે. પાટણ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના અને શરીર સબંધી ગુન્હાઓ બનતા હોઈ આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસાઓમાં જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાંથી આવેલ પરપ્રાંતિય મજુરો પ્રાથમિક ધોરણે ઉપર ખાડા ખોદવાના તેમજ ઔધોગિક એકમોમાં મજુરી કામ મેળવી, ખેતીકામ કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિત -ગાર થઈ મોટી ઘરફોડ, ચોરી, લુંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના અને શરીર સબંધી ગુન્હાઓ આચરી પોતાના વતનમાં પરત જતા રહેતા હોય છે. આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહે છે અને આવા સંજોગોમાં જાહેર જનતાની સુખાકારી અને સલામતિની સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા અતિ આવશ્યક હોઇ જેથી સમગ્ર પાટણ જિલ્લામાં આવેલ સ્પા/મસાજ પાર્લર ખાતે કર્મચારીઓ/મજુરોને કામે રાખનાર સંચાલકો તેમજ ઔધોગિક એકમો અને અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/ કોટ્રાકટરોને ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે આવા મંજુરો લાવે ત્યારે તેઓના ફોટોગ્રાફ/આઈ.ડી. પ્રુફ સાથેની માહીતી નીચે જણાવેલ કોલમો મુજબ ભરી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ ૧૬૩ મુજબ તા.૩૧/૧૨/૨૦૨૫ ક.૦૦/૦૦ થી તા.૨૮/૦૨/૨૦૨૬ના ક.૨૪/૦૦ સુધીનું જાહેરનામું પાટણ જિલ્લાના તમામ શહેરી/ગ્રામ્ય વિસ્તાર માટે પ્રસિધ્ધ કરાવવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ સ્પા/મસાજ પાર્લર ખાતે કર્મચારીઓ/મજુરોને કામે રાખનાર સંચાલકો તેમજ ઔધોગિક એકમો અને અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના અન્ય દેશના) અન્ય દેશોના મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/ કોટ્રાકટરોને ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે આવા મંજુરો લાવે ત્યારે તેઓના ફોટોગ્રાફ/આઈ.ડી.પ્રુફ નાગરિકતા સાથેની માહીતી નીચે જણાવેલ નિયત નમુના ફોર્મ ભરી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા ફરમાવુ છુ

**સ્પા/મસાજ પાર્લરના તથા સોલાર પાવર તથા ઈંટોના ભઠ્ઠા ઔધોગીક એકમોના સંચાલકો/મજૂર ઠેકેદારો તથા સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે કર્મચારી મજુરો કામે રાખે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનમાં માહિતી આપવાનું ફોર્મ**

| | | |
|---|---|---|
| ૦૧ | સ્પા/મસાજ પાર્લર વિ.ના સંચાલક/ લેબર કોન્ટ્રાકટર મુકાદમ (સપ્લાયર્સ) નું નામ, સરનામું, મોબાઈલ નંબર | |
| ૦૨ | કર્મચારી / મજુરનું નામ, ઉ.વ., | |
| ૦૩ | કર્મચારી / મંજૂરનું હાલનું સરનામું તથા મો.નં. | |
| ૦૪ | કર્મચારી / મજુરના મુળ વતનનું સરનામુ/ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય | |
| ૦૫ | હાલની ફરજનું સ્થળ / કંપનીનું નામ | |
| ૦૬ | કર્મચારી / મજુરના વતનના સ્થાનીક પોલીસ સ્ટેશનનું નામ તથા જિલ્લો અને તેનો સંપર્ક-નંબર | |
| ૦૭ | કર્મચારી / મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર | |
| ૦૮ | કર્મચારી/ મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | |
| ૦૯ | કયારથી સંચાલકે / મુકાદમે / કોન્ટ્રાકટરે કામ માટે રાખેલ છે. | |
| ૧૦ | કર્મચારી / મજુરના ઓળખ માટેનું આઇ.ડી.પ્રુફ (ફોટા સાથે) | |
| ૧૧ | પાટણ જિલ્લામાં કઈ તારીખથી કામ કરે છે? અને કઈ તારીખે જવાના છે.? | |
| ૧૨ | કર્મચારી/મજુરનો તાજેતરનો ફોટો | |
| ૧૩ | કર્મચારી/મજુરના અંગુઠાનું નિશાન/સહી | |
| ૧૪ | સંચાલક/મુકાદમ /સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી અને નામ | |

**જાહેરનામું**

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંધન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું:-**

પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્રનં.LIB/જાહેરનામું/૧૩૩૬/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું :-**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૬૯૩૩ થી ૧૬૯૯૬/૨૦૨૫.-આગામી તા.૧૪ /૦૧ /૨૦૨૬ના રોજ મકરસંક્રાતિ, તા.૨૬ /૦૧/૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક દિન તથા તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ મહા શિવરાત્રી તહેવારોની ઉજવણી થનાર છે. રાજકીય સંગઠનો સંસ્થાઓ ધ્વારા તથા સરકારશ્રી ધ્વારા વિવિધ કાર્યક્રમો થતા હોઇ આ કાર્યક્રમો દરમ્યાન સરકારશ્રી વિરુધ્ધમાં આક્ષેપો/પ્રતિઆક્ષેપો કરી આંદોલનાત્મક કાર્યક્રમો/સરઘસ કાઢી/ધરણાં કરી/ભૂખ હડતાલ કરી / રેલી કાઢી / આવેદનપત્ર આપવાથી પાટણ જિલ્લાની સુલેહ શાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધીનું હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણના આમુખ -૧ ના પત્રથી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની સદરહું દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પાટણ જિલ્લામાં સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારુ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાના વિસ્તારમાં તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચે મુજબના કૃત્યો કરવા મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાનું કે સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,

૨. જલ્દી સળગી ઊઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું કે સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું,

૩. પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

૪. જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા બાળવાનું કે ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો કે ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું,

૫. ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું,

૬. અપમાન કરવાનું કે અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું,

૭. માણસનું મડદું/આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું,

૮. નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાનું તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડ તૈયાર કરવાનું, ઉપયોગ કરવાનું.

**અપવાદ :-** આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ પણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

**પ્રતિબંધિત વિસ્તાર :-** સમગ્ર પાટણ જિલ્લાનો હદ વિસ્તાર

**શિક્ષા**

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

-----------------

**// વંચાણે લીધું //**

(૧) સેકશન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૦૫/૦૫/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાધનપુરના પત્ર નં.એમએજી/વશી/૨૨૯/૨૦૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫

(3) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સમીના પત્ર નં. નં.એમએજી/વશી/૫૧૦/૨૦૨૫ તા.૧૫/૦૫/૨૦૨૫

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના પત્ર નં.એમએજી/ડીઝાસ્ટર/વશી/૩૬૬ થી ૩૬૭/ ૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

(૫) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરના પત્ર નં.એમએજી/વશી/જોખમી જળાશયો/૨૦૨૫ તા.૩૦.૦૫.૨૦૨૫

**હુકમ**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનો :-**

પત્ર ક્રમાંક.એમએજી (૧)/વશી/૧૬૯૯૭ થી ૧૭૦૬૦/૨૦૨૫.-ગૃહ વિભાગ, ગાંધીનગરના આમુખ-૧ના પત્રથી અત્રેના જીલ્લામાં આવેલ જુદા-જુદા જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાની ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી બનાવી, આ પ્રકારના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સૂચના આપવામાં આવેલ છે.

સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાધનપુર, સમી, પાટણ તથા સિધ્ધપુર ધ્વારા અનુક્રમે આમુખ-૨ થી ૫ ની વિગતે અત્રેના જિલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી અત્રે મોકલી સદરહુ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યકિતઓ/ પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પાટણ જીલ્લાના જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર)માં નહાવા પડેલ તો વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ બનવાની શક્યતાઓને ધ્યાને લઈ પાટણ જીલ્લામાં આવેલા નીચે મુજબના ૬૭ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યકિત/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

આથી, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પાટણ જીલ્લામાં આવેલ નીચે મુજબના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | સ્થળનું નામ |
|---|---|---|---|
| ૧ | પાટણ(શહેર) | માતરવાડી | સરસ્વતી નદીનો વિસ્તાર (ગણેશ વિસર્જન પોઈન્ટ) |
| ૨ | પાટણ(શહેર) | સાંડેસરપાટી | સિધ્ધિ સરોવર / ખાન સરોવર |
| ૩ | ચાણસ્મા | પંચાસર | નર્મદા મુખ્ય કેનાલ |
| ૪ | ચાણસ્મા | છમીછા | નર્મદા મુખ્ય કેનાલ |
| ૫ | ચાણસ્મા | ભાટવાસણા | નર્મદા મુખ્ય કેનાલ |
| ૬ | ચાણસ્મા | ખોરસમ | નર્મદા મુખ્ય કેનાલ |
| ૭ | ચાણસ્મા | ગોખરવા | નર્મદા મુખ્ય કેનાલ |
| ૮ | ચાણસ્મા | કંબોઈ | નર્મદા મુખ્ય કેનાલ |
| ૯ | ચાણસ્મા | ખારીધારીયાલ | નર્મદા મુખ્ય કેનાલ |
| ૧૦ | ચાણસ્મા | ખોખલા | તળાવ |
| ૧૧ | પાટણ (ગ્રામ્ય) | રાજપુર | તળાવ |
| ૧૨ | સરસ્વતી | જાળેશ્વર પાલડી | ગામ તળાવ |
| ૧૩ | સરસ્વતી | ઓઢવા | ગામ તળાવ |
| ૧૪ | સરસ્વતી | બેપાદર | ગામ તળાવ |
| ૧૫ | સરસ્વતી | વારેડા | ગામ તળાવ |
| ૧૬ | સરસ્વતી | મોટા નાયતા | મોટા નાયતાથી શક્તિપુરા જવા માર્ગ પર આવેલ ગામ તળાવ |

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | સ્થળનું નામ |
|---|---|---|---|
| ૧૭ | સરસ્વતી | વઘાસર | સરીયદ રોડ પરનું તળાવ |
| ૧૮ | સરસ્વતી | ભાટસણ | મુના રોડ બાજુનું ગામ તળાવ |
| ૧૯ | સરસ્વતી | અજુજા | અજુજા ગામ વચ્ચેનું ચોમાસા દરિમયાનનું વહેણ |
| ૨૦ | સરસ્વતી | હૈદરપુરા | જી.ઈ.બી. સામેનું તળાવ તથા ગામ તળાવ |
| ૨૧ | સરસ્વતી | કોઇટા | કાળકા માતાજીના મંદિરની બાજુનું તળાવ |
| ૨૨ | સરસ્વતી | જંગરાલ | ગામ તળાવ |
| ૨૩ | સરસ્વતી | લક્ષ્મીપુરા | ગામ તળાવ |
| ૨૪ | સરસ્વતી | જાખા | ગામ તળાવ |
| ૨૫ | સરસ્વતી | વાસણી | ગામ તળાવ |
| ૨૬ | સરસ્વતી | મોરપા | મોરપીયાવીર મંદિર જોડે આવેલ ગામ તળાવ |
| ૨૭ | હારીજ | વાઘેલ | ગામ તળાવ |
| ૨૮ | હારીજ | કુરેજા | તંબોળીયાથી અસાલડી સુધીની નર્મદા કેનાલ |
| ૨૯ | હારીજ | ગોવના | ગોવના તળાવ |
| ૩૦ | શંખેશ્વર | લોટેશ્વર | લોહેશ્વર મહાદેવ મંદિર ખાતે આવેલ કુંડ |
| ૩૧ | રાધનપુર | રાધનપુર | વડપાસર તળાવ |
| ૩૨ | રાધનપુર | કામલપુર (ધ) | બનાસ નદી |
| ૩૩ | રાધનપુર | અરજણસર | નર્મદા નહેર તથા ગામ તળાવ |
| ૩૪ | રાધનપુર | દેલાણા | બનાસ નદીનો વ્હોળો તથા નરસિંહભાઈ સુથારના ખેતરનો ભેડો |
| ૩૫ | રાધનપુર | નાની પીપળી | તળાવ |
| ૩૬ | રાધનપુર | ધરવડી | જુની ધરવડી અને નવી ધરવડી વચ્ચે આવેલ તળાવ |
| ૩૭ | રાધનપુર | મસાલી | બનાસ નદી |
| ૩૮ | રાધનપુર | દેવ | ગામ તળાવ |
| ૩૯ | રાધનપુર | દહેગામ | ગામ તળાવ-દહેગામ, ફાટુ તળાવ- હીરાપુરા, ધૂંઘરકા તળાવ |
| ૪૦ | રાધનપુર | ચલવાડા | ગામની બાજુનું તળાવ |
| ૪૧ | રાધનપુર | છાણીયાથર | બનાસ નદી |
| ૪૨ | રાધનપુર | લોટીયા અને ઠીકરીયા | ગામ તળાવ |
| ૪૩ | રાધનપુર | મઘાપુરા | તળાવ |
| ૪૪ | રાધનપુર | શાહપુર | તળાવ |
| ૪૫ | રાધનપુર | ધોળકડા | ગામની પાછળની બનાસ નદી |
| ૪૬ | રાધનપુર | વિજયનગર | ગામની પાદરની બાજુમાં તળાવ |

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | સ્થળનું નામ |
|---|---|---|---|
| ૪૭ | રાધનપુર | અલ્હાબાદ | ગામ તળાવ |
| ૪૮ | રાધનપુર | કોલાપુર | હનુમાન મંદિર પાસેનું તળાવ |
| ૪૯ | રાધનપુર | અગિચાણા | અગીચાણા ગામની બહારનું તળાવ |
| ૫૦ | રાધનપુર | શબ્દલપુરા | બનાસ નદી |
| ૫૧ | રાધનપુર | પેદાશપુરા | ગામ તળાવ |
| ૫૨ | રાધનપુર | બિસ્મીલ્લાગંજ | ગામ તળાવ, બનાસ નદી |
| ૫૩ | રાધનપુર | કરશનગઢ | ગામ તળાવ |
| ૫૪ | સિધ્ધપુર | સહેંસા | ગામ તળાવ |
| ૫૫ | સિધ્ધપુર | કાકોશી | ગામ તળાવ |
| ૫૬ | સિધ્ધપુર | વાઘરોલ | ગામ તળાવ |
| ૫૭ | સિધ્ધપુર | નાગવાસણા | ગામ તળાવ |
| ૫૮ | સિધ્ધપુર | ગાંગલાસણ | ગામ તળાવ |
| ૫૯ | સિધ્ધપુર | વાઘણા | ગામ તળાવ |
| ૬૦ | સિધ્ધપુર | ડીંડરોલ | ગામ તળાવ |
| ૬૧ | સિધ્ધપુર | કનેસરા | ગામ તળાવ |
| ૬૨ | સિધ્ધપુર | બીલીયા | ગામ તળાવ |
| ૬૩ | સિધ્ધપુર | લાલપુર | ગામ તળાવ |
| ૬૪ | સિધ્ધપુર | કલ્યાણા | ગામ તળાવ |
| ૬૫ | સિધ્ધપુર | આંકવી | ગામ તળાવ |
| ૬૬ | સિધ્ધપુર | મુંડવાડા | ગામ તળાવ |
| ૬૭ | સિધ્ધપુર | ધુમ્મડ | ગામ તળાવ |

**// અમલવારીનો સમયગાળો//**

આ જાહેરનામું તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**// શિક્ષા //**

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે પાટણ જીલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :**

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નંઃ LIB/જાહેરનામું/૧૩૩૭/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ.**

હુકમ ક્રમાંકઃ એમએજી(૧)/વશી/૧૬૬૧૬ થી ૧૬૬૭૯/૨૦૨૫. –વંચાણે લીધેલ પત્રની વિગતે ગુપ્તચર અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી અસામાજિક તત્વો શહેરોમાં તેમજ ચોરી, લૂંટ, ખૂન જેવા ગુનાઓમાં બહારના જિલ્લાના તેમજ પરપ્રાંતના તેમજ અથવા દેશ બહારથી અત્રે આવતા હોય છે જે લોકો અત્રેના જીલ્લામાં હોટલ/ધાબા/ગેસ્ટ હાઉસમાં ગુપ્ત આશરો મેળવી જાહેર શાંતિ અને સલામતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડે છે.

મહદઅંશે આવા મજૂરો પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે. જેઓની હોટલ/ગેસ્ટ હાઉસ માલિકો પાસે કોઇ માહિતી હોતી નથી અને હોટલ/ગેસ્ટ હાઉસના માલિકો આવી કોઇ માહિતી રાખવા અને પોલીસને માહિતી આપવા ગંભીર રહેતા નથી આ બહારથી હોટલ/ગેસ્ટ હાઉસમાં રોકાણ કરવા આવતા ઇસમોના આઇ. ડી. પ્રુફ લેવાની ખાસ જરૂરીયાત છે અને ગેસ્ટહાઉસના માલીકો બહારથી આવતા ઇસમોને હોટલ/ગેસ્ટહાઉસનો રૂમ ભાડે આપી તેઓના કોઇ આઇ. ડી. પ્રુફ લેતા નથી જેથી હોટલ વિશીના માલિકે ગ્રાહકના રજિસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટેલે પોતાના રીસેપ્શન કાઉન્ટર પર ઇન્ટરનેટ કનેકટીવીટી સાથેનું હેડ કમ્પ્યુટર રાખવા તેમજ પાટણ જિલ્લા પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programme for Analysis of Traveler & Hotel informatics) ઈન્સ્ટોલ કરાવી રજિસ્ટરમાં થતી એન્ટ્રીઓ PATHIK સોફ્ટવેરમાં પણ કરાવવાની જરૂરીયાત હોઇ આવા હોટલ માલિકો ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી હોઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારુ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે, હું, હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના ગેસ્ટહાઉસના માલિકોએ રજિસ્ટરમાં એન્ટ્રી કરાવી પાટણ જિલ્લા પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programme for Analysis of Traveller & Hotel informatiks) ઈન્સ્ટોલ કરાવી રજિસ્ટરમાં થતી એન્ટ્રીઓ PATHIK સોફ્ટવેરમાં કરવા ફરમાવું છું.

આ હુકમ તા.૩૧/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

**વંચાણમાં લીધું :-**

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટેની તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષા માટે સ્ટ્રોંગ રૂમ અને પરીક્ષા કેંદ્રો ખાતે અમલમાં મુકવાની થતી નિયત કાર્ય પધ્ધતિ (SOP)

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૭૧૦૮ થી ૧૭૧૭૦/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટેની તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ પ્રિલિમિનરી પરીક્ષા પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ યોજાનાર સદરહું પ્રિલિમિનરી પરીક્ષા માટે સ્ટ્રોંગ રૂમ અને પરીક્ષા કેંદ્રો

ખાતે અમલમાં મુકવાની થતી નિયત કાર્ય પધ્ધતિ (SOP)ના પ્રકરણ ૨ ના મુદ્દા નં. ૨.૨૪(૩) મુજબ પરીક્ષા કેંદ્રની આજુબાજુના વિસ્તારમાં માઇક/લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી નહીં આપવા તથા પ્રસ્તુત પરીક્ષા કેંદ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં માઇક/લાઉડ સ્પીકર વગાડવા નહીં અને મુદ્દા નં. ૨.૨૪(૫) પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી અર્થે આ પરીક્ષા કેંદ્રોના પરિઘના ૧૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ કોપી સેન્ટર બંધ રાખવા જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સુચના છે. જેથી આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે પાટણ શહેરમાં આવેલા પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

વાસ્તે હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટેની તા. ૦૪/૦૧/૨૦૨૬ના રોજ યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન / પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થઈ શકશે / થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા કેન્દ્રો ચાલુ રાખવા નહી. તેમજ કોઇપણ વ્યક્તિ / સંસ્થાને પરીક્ષા સમય દરમિયાન માઈક / લાઉડ સ્પીકર વગડવા / વગાડવાની મંજુરી ન આપવા ફરમાવું છું.

**અપવાદ :-** આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફ્લાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

(૪) પરીક્ષા કેન્દ્રની શાળાના કેમ્પસ / બિલ્ડિંગમાં જે - તે પરીક્ષા કેન્દ્ર શાળામાં સદર પરીક્ષા સંબંધિત સુચનાઓ/ જાહેરાત કરવા રોકાયેલ સ્ટાફના માણસો.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શકય ન હોઇ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ G.A.S**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

-----------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.23 19:03:21 IST